## ઝઘડીયાના મે.જયુડી. મેજી.ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ઝઘડીયા,જી.ભરૂચ

**ફોજદારી કેસ નં. ૬૮૯/2026**

શ્રી સરકાર .......ફરીયાદી

વિરુધ્ધ

**સુશિલકુમાર રામનરેશ ચોરસીયા**

**હાલ** રહે. **છપરા થાણા લીલીપર ગોરખપુર ઉત્તરપ્રદેશ** ..........આરોપી

આરોપ :– બી.એન.એસ કલમ–૨૨૩ બી મુજબ

**–:: ઠરાવ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ ચાર્જશીટમા વર્ણવેલ હકીકતો મુજબનો આક્ષેપાયેલ ગુના મુજબ બી.એન.એસની કલમ ૨૨૩બી મુજબનો ગુનો કરેલ છે.આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૨) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય આરોપીએ અદાલત સમક્ષ પારાવારપસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનુ છુ. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમા સજાનું પ્રમાણ, આરોપીની રજૂઆત,તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસની કલમ–૨૭૫ મુજબ બી.એન.એસની કલમ–૨૨૩ બી ના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ–૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ હાઇડ્રોજન એક્સપ્લોઝીવ ગેસ સીલીન્ડર નંગ ૦૨ અંગે અગાઉ જો વચગાલાનો હુકમ કરવમાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદ્દામાલ હાઇડ્રોજન એક્સપ્લોઝીવ ગેસ સીલીન્ડર નંગ ૦૨ માલિકી અંગે ખરાઇ કરી તેના મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૧ મી માહેઃ **જુલાઇ** સને : ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : ઝઘડીયા

**( J.S.RATHORE )**
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**JHAGADIA,**
**JUDGE CODE NO GJ01695**

**પાવતી નં..................**

**દંડ રૂપીયા.................**

**તારીખઃ–** ૧૧/૦૭/૨૦૨૬

**નાઝર ચીફ કોર્ટ,ઝઘડીયા**